# જોઈએ છે.

મહારાણા શ્રી વિજય દેવજી સાર્વજનિક કેળવણી મંડળ, ધરમપુર સંચાલિત શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (ગ્રાન્ટ ઈન એઈડ) બામટી, ધરમપુરને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના પત્રક્રમાંકઃ કવટ/isc3 / વર્ગ-3 / NOC / 1213-15 તા. 04/02/2026 થી બિન શૈક્ષણિક વર્ગ-3 ની જગ્યા ભરવા માટે એન.ઓ.સી. મળેલ છે. નીચે જણાવેલ ખાલી જગ્યાની ભરતી કરવા માટે નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. ભરતી અંગેની વિગતવાર માહિતી તથા અરજી ફોર્મ કોલેજની વેબસાઈટ www.vacc.ac.in પર મુકેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | NOC ક્રમાંક | કુલ ખાલી જગ્યા | કેટેગરી | લાયકાત | પગાર ધોરણ | વય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | હેડ ક્લાર્ક સંવર્ગ - 3 | કવટ/isc3/ વર્ગ-3/NOC/ 1213-15 તા.04/02/2026 | 01 | OPEN | સરકારશ્રીના ધારાધોરણ મુજબ સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો, સરકારશ્રીના ધારાધોરણ મુજબ કોમ્પ્યૂટરના ઉપયોગ અંગે પાયાની જાણકારી ધરાવતો, ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતો | સરકારશ્રીના નાણાં વિભાગના વખતો વખત થયેલા ઠરાવ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ ફીક્સ પગાર 40800/- | 20 વર્ષ થી ઓછી નહિ અને 35 વર્ષથી વધુ ન હોવી જોઈએ.<br><br>ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના નિયમો અનુસાર છૂટછાટ મળવાપાત્ર. |

(1) સદર NOC હેઠળ મંજુર કરવામાં આવેલ જગ્યા સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, નાણાં વિભાગ અને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે તે સંવર્ગના નક્કી કરેલ પ્રવર્તમાન ભરતી નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરતી કરવામાં આવશે. (2) નિમણૂંક પામેલ ઉમેદવારને પાંચ વર્ષ માસિક ફિક્સ પગાર ચુકવવામાં આવશે. (3) પાંચ વર્ષની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. (4) NOC માં દર્શાવેલ તમામ શરતો નિમણૂંક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે. (5) અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી અને પ્રમાણપત્રોની નકલ વગરની અરજી તેમજ નિયત સમય મર્યાદાબાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે. (6) ઉમેદવારેએ તા. 17/03/2026 થી તા.02/04/2026 સુધીમાં રજીસ્ટર પોષ્ટ એ.ડી. / સ્પીટ પોષ્ટ દ્વારા અરજી મોકલવાની રહેશે. (7) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે ધ્યાનથી વાંચવી જરૂરી છે. (8) ઉમેદવારેએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસેજ રાખવાના રહેશે. અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. (9) અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો A4 સાઈઝમાં બિડવાના રહેશે. (10) ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવશે તેથી સમયાંતરે કોલેજની વેબસાઈટ અચૂક જોતા રહેવું. (11) અરજી સાથે અરજી કરનાર ઉમેદવારેએ બિનઅનામત વર્ગમાટે રૂ.500/-તથા અનામત વર્ગ માટે રૂ.400-નો ડિમાન્ડ ડ્રાફ્ટ ‘SHRI VANRAJ ARTS AND COMMERCE COLLEGE” ના નામનો ડી.ડી. અવશ્ય સામેલ રાખવાનો રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. (12) પોતાના સરનામાવાળુ રૂ.70/- ની ટપાલ ટીકીટ ચોંટાડેલ 11 X5 ની સાઈઝનું ખાખી કવર અરજી સાથે અવશ્ય મોકલવાનું રહેશે. (13)આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળ / કોલેજ ને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ/કોલેજ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

સહિ/-
ઈન્ચાર્જ આચાર્યશ્રી, શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બામટી ધરમપુર

**અરજી મોકલવા માટેનું સરનામું**
પ્રમુખશ્રી, એમ.એસ.વી. એસ. કેળવણી મંડળ, ધરમપુર
C/o. એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ, ધરમપુર ગાર્ડન રોડ, ધરમપુર,
સ્ટેટ હોસ્પિટલની સામે, મુ.પો. ધરમપુર, તા. ધરમપુર, જી. વલસાડ પીન કોડ-396050

સહિ/-
પ્રમુખશ્રી
એમ.એસ.વી.એસ. કેળવણી મંડળ,
ધરમપુર